# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

**ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ**

**પ્રશ્નપત્ર-૧**

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮ કુલ ગુણ : ૧૦૦

(વિભાગ-૧ 'વચનામૃત' નવમી આવૃતિના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ.પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સારંગપુર-૭, પંચાળા-૩, ૭.

**પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- ઉપરના જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી ૧ ગુણ
૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. ૧ ગુણ
૬. પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે.

**૧. અક્ષરનાં બે સ્વરૂપ (ગ.પ્ર.૨૧) :- જ.** એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે; તે અક્ષરનાં બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ. અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે.

**૨. જ્યાં સુધી વર્ણ કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એવું સાધુપણું આવતું નથી. (ગ.પ્ર.૪૪)**

**જ.** જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વ સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી; માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.

**૩. બાળકના હાથમાં ચિંતામણીના દૃષ્ટાંતે હરિભક્તને મોટી ખોટ (ગ.પ્ર.૨૪) :- જ.**'હું ધન્ય છું ને હું કૃતાર્થ થયો છું અને આ સંસારમાં જે જીવ છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા તેને વિષે હેરાન થતા ફરે છે અને ત્રિવિધ તાપમાં રાતદિવસ બળે છે. અને મને તો પ્રગટ પુરુષોત્તમે કરૂણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે ને કામક્રોધાદિક સર્વ વિકારથી રહિત કર્યો છે અને નારદ સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે' એવો વિચાર નથી કરતો ને આઠોપહોર અતિશય આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે. જેમ 'બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી એટલે તેનો તેને આનંદ નથી,' તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો અંતરમાં આઠોપહોર કેફ રહેતો નથી જે 'મારું પૂર્ણકામપણું થયું છે' એવું નથી સમજતો, એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે.

**૪. સાકારની નિષ્ઠાવાળા ભક્તને આપેલી અગિયાર પદવી (પ્ર.૩૭) જ. ૧.** એને માથે કાળનો હુકમ નથી. **૨.** એને માથે કર્મનો હુકમ નથી. **૩.** એને માથે માયાનો હુકમ નથી. **૪.** તેને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે. **૫.** તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ. **૬.** તેને દુખવતા થકા મનમાં બીએ છીએ. **૭.** તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ. **૮.** નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે. **૯.** દેહ મૂકીને ભગવાનના

૭૦૧

ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. **૧૦.** તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે. **૧૧.** એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.

**૫. ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી. (ગ. પ્ર. ૭૧) :- જ.** જે ભક્તજન જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે અને એ ભક્ત દિવ્યરૂપ થઈને તેને પામે છે માટે એવું અચળ અખંડ સુખ ભક્તજનને પમાડવાને અર્થે ભગવાન જે તે મનુષ્ય એવા જે પોતાના ભક્તજન તેની સર્વે સેવાને અંગીકાર કરે છે. માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.

**પ્ર.૨ નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ :(૧) વચનામૃત અવતરણનો ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧ ‘પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે. અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે, તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે, માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કોઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તો પંચ ઈન્દ્રિયોના વિષય જ છે પણ અંતઃકરણ નથી.’ (ગ.પ્ર. ૧૮) (૩)

૨ ‘જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે. જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.’ (ગ.પ્ર. ૨૦) (૮)

૩ ‘તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.’ (ગ.પ્ર. ૨૪) (૧૫)

૪ ‘માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.’ (ગ.પ્ર. ૪૪) (૨૨)

૫ ‘જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ, અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહજે જ હેત થાય છે.’ (ગ.પ્ર. ૭૬) (૨૭)

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના ‘વચનામૃત’નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :(૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ. (૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧ કલ્યાણ : ૧. (ગ.પ્ર. ૭૧)** ‘ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.’ (૨૬) **૨. (પ્ર. ૫૦)** ‘જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે; અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે.’ (૨૪) **૩. (પં.૭)** ‘ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.’ (૩૨)

**૨. નિશ્ચય :-** **૧. (પ્ર. ૨૧)** 'માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.' એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.' (૧૨) **૨. (ગ.પ્ર. ૨૪)** 'તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઇન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે, ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.' (૧૩) **૩. (ગ.પ્ર. ૨૪)** જેટલો જેને ભગવાનનો નિશ્ચય ને મહિમા સમજાય છે તેને તેટલા ભૂંડા ઘાટ બંધ થઈ જાય છે. અને જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભૂંડા ઘાટ માત્ર ટળી જાય છે. (ગ્રંથમાંથી)

**(વિભાગઃ ૨ 'સ્વામીની વાતો' ને આધારે)**

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંકઃ** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર છે.**

૧. **સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે કયા પાંચ પગ રોપ્યા છે ? (૩/૧૬)** જ. સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે નિષ્કામપણું, નિર્લોભપણું, નિસ્વાર્દ, નિર્સ્નેહ, ને નિર્માન એ પાંચ પગ રોપ્યા છે.

૨. **ખરેખરા સત્સંગી કેમ થવાય ? (૩/૯)** જ. માયિક ભાવ ટાળીને પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મહારાજની મૂર્તિનું અખંડ ચિંતવન કરીએ તો ખરેખરા સત્સંગી થવાય.

૩. **કોણ સત્સંગ જાળવી શકે ? (૩/૨૬)** જ. જેને મહારાજને વિષે ને આ મોટા સંતને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત પ્રીતિ હોય તે જ સત્સંગ જાળવી શકે.

૪. **સ્વરૂપાનંદ સ્વામી કઈ રીતે આજ્ઞા પાળતા ? (૩/૭)** જ. જે ક્રિયા કરવાને જોવા જાઉં તો તે પદાર્થ ટળી જાય ને મહારાજની મૂર્તિ જ દેખાય તેવી રીતે આજ્ઞા પાળતા.

૫. **પ્રભુ ભજવાનું આજે સાનુકૂળ કેમ છે ? (૩/૨૭)** જ. મોટા સંતનો જોગ છે ને મોરે તો મારતા ને ખાવા મળતું નહિ.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. વાદી, ફૂલવાદી અને ગારડીમાં ગારડી એટલે **શ્રીજીમહારાજ.** (૩/૫)

૨. જેટલું અજ્ઞાન છે તેટલો જ **કુસંગ** થાય છે. (૩/૧૫)

૩. ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં **ટાઢું** રહે. (૩/૩૨)

૪. જીવ બીજે ક્યાંય અટકતો નથી પણ મહારાજને **પુરુષોત્તમ** કહેવામાં અટકે છે. (૩/૧૯)

૫. શ્રીજીમહારાજ અને મોટા સંતની દૃષ્ટિ **દેહાભિમાની** ના માથે થતી નથી. (૩/૨૫)

**પ્ર.૬ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : આ પ્રશ્નના જવાબોની સમજૂતિ માટે નીચે દર્શાવેલ સાત મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. | પરોક્ષના ભક્તોના કિર્તન, શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૩. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. | સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ | ૨ ગુણ |
| ૫. | નંદ પંક્તિના કીર્તનો અથવા ગુરુપરંપરાનાં કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. | ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. | પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. ચાર વાત જીવનું જીવન :-** જ. મહારાજે અનંત પ્રકારની વાતું જીવના મોક્ષને અર્થે પ્રવર્તાવી છે; પણ તેમાં ચાર વાતું છે તે તો જીવનું જીવન છે. તે શું તો, એક તો મહારાજની ઉપાસના ને બીજી મહારાજની આજ્ઞા

ને મોટા એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદી સાથે સુહૃદપણું, એ ચાર વાતું તો જીવનું જીવન છે, તેને તો મૂકવી જ નહિ. (૩/૧૭)

**૨. આશરાની મહત્તા :- જ.** ત્રણ પ્રકારનાં પંખી છે; તેમાં કેટલાંક પંખી તો વૃત્તિ દ્વારે ઈંડાં સેવે એવાં છે, ને કેટલાક પંખી દૃષ્ટિ દ્વારે સેવે એવાં છે, ને કેટલાક પંખી તો પાંખમાં રાખીને સેવે એવાં છે. તેમાં વૃત્તિ દ્વારે ઈંડુ સેવાતું હોય તે ઈંડું દૃષ્ટિમાં આવે તો ગંદુ રહે ? ત્યારે કહ્યું જે, ન રહે. ત્યારે સ્વામી બોલ્યા જે, એ ઈંડું પાંખમાં આવીને પડે તો શું ગંદું રહે ? ન જ રહે. એ તો દૃષ્ટાંત છે, તે એનું સિદ્ધાંત તો એ છે જે, વૃત્તિ દ્વારે સેવે એવાં તો ગોપાળાનંદસ્વામી ને ક્રિપાનંદસ્વામી જેવા છે; તેની પાંખમાં પડ્યા છીએ માટે કાંઈ કસર રહેશે નહિ એમ જાણવું. (૩/૩૧)

**૩. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા અને તેના ઉપાય :- જ. ૧.** આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે. તે બ્રહ્મરૂપ થાય છે તે ઉપર વચ.વર.૧૧ (૩/૧૨) **૨.** પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું. એમ કહીને ઊઠ્યા. પછી એક હરિજનનું કાંડું ઝાલીને ચાલ્યા. પછી તેને કહ્યું જે, 'ખબડદાર સંકલ્પ કર્યા છે તો ! ત્યારે તે ભક્તના સંકલ્પ બંધ થઈ ગયા !' પછી તેને કહ્યું જે, 'આમ નિરંતર રહેવાય તો સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, ઈચ્છાગ્રંથિ, મમત્વગ્રંથિ ને અહંગ્રંથિ આદિક અનેક પ્રકારની ગ્રંથિઓ નાશ પામી જાય છે ને નિરંતર ભગવાનમાં રહેવાય છે.'(૩/૧૩) **૩.** હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધવો. સત્પુરુષનો વિશ્વાસ આવવો, નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ. (૩/૩૩)

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર આઠમી આવૃત્તિ જાન્યુઆરી ૨૦૦૩ના આધારે)**

**પ્ર.૭ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીની જીભ વળી તેમ ભગતજીનો દેહ વળ્યો.**

| | | |
|---|---|---|
| ૧. | સ્વામીશ્રીની અનુવૃત્તિ જાણી લોક, લાજ, દેહસુખ, ઘર, સ્ત્રી આદિનો ત્યાગ કરી સ્વામીશ્રીની પાસે જ રહેવાનો ઠરાવ. | ૩૧-૩૨ |
| ૨. | હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા સમયે સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વાઘા તૈયાર કરી હરિભક્તોને બતાવી રૂા. ૧૦૦૦ની સેવા સ્વામીશ્રીને ચરણે ધરી. | ૪૧ |
| ૩. | ભગતજીએ રૂા. ૬૦,૦૦૦ નો ત્યાગ કરી માગેલા ત્રણ વરદાન. | ૪૫,૪૬ |
| ૪. | હવેલીના કામમાં જોડાઈ ગયા. | ૪૭ |
| ૫. | અનુવૃત્તિ એ જ ભક્તિ. બસો પાવડા, પાંચસો ટોપલા ભેગા કરવાની આજ્ઞા અદ્ધર ઝીલી. | ૫૦ |
| ૬. | ગિરનારને બોલાવવા ગયા. | ૫૧ |
| ૭. | ભેખનું તો ભાંગી પડ્યું અને પ્રાગજીનું તો ચાલતું રહ્યું. ચુનાની ભઠ્ઠી કાઢતાં સાધુઓ જતાં રહ્યા ત્યારે. | ૫૨ |
| ૮. | સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ વરસાદ થતાં બે ચાદર સાંધી ચોફાળ બનાવી સ્વામીને અંદર બેસાડ્યા. | ૫૫ |
| ૯. | છ માસ સુધી સર્વના વતાં કર્યાં, મશાલ ઝાલી અને વાળંદની સર્વે ક્રિયા કરી. | ૫૬ |
| ૧૦. | ફાળિયું ફાડી મશાલે વીંટીને દીવો કરી અજવાળું કર્યું. | ૫૭ |
| ૧૧. | સ્વામીની ક્રિયા પોતે સંભાળી લીધી, સ્વામીને નિરાંત કથાવાર્તા કરવાની અનુકૂળતા કરી આપી. | ૫૭-૫૮ |
| ૧૨. | મરેલું કૂતરું ખસેડ્યું. | ૫૯ |
| ૧૩. | એંઠવાડની કૂંડીમાં સ્નાન - અડસઠ તીર્થ | ૬૦ |
| ૧૪. | 'ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ? સ્વામીની ટકોરથી વૃત્તિ ભગવાનમાં જોડી દીધી. | ૬૪ |
| ૧૫. | ૩૦૦ આંબાને પાણી પાયું. | ૬૬ |

**૨. ભગતજી મહારાજનો અન્ય સંપ્રદાયની વ્યક્તિ પર પ્રભાવ :**

| | | |
|---|---|---|
| ૧. | હનુમાનજી દેરીના મહંત સૂર્યભારથી બાળપ્રાગજી ન આવે ત્યાં સુધી રામકથા શરૂ ન કરતાં. | ૬ |
| ૨. | મહુવાના અમલદારોમાં ત્યાંના વહીવટદારનો આચાર્ય મહારાજ તથા સદ્‌ગુરુઓને પ્રશ્ન : તમારા ધર્મમાં વિપરીત રીત કેમ ? | ૧૩૯ |

૩. વડોદરાના શાસ્ત્રી ડાહ્યાભાઈને ભગતજીની બ્રહ્મસ્થિતિ જોઈને ભાવ થયો. ૧૯૧,૧૯૨
૪. પેટલાદમાં રાવસાહેબના જમાદારને ભગતજીના દર્શન થતાં જ અંતરમાં શાંતિ - છતી દેહે મારફતી પુરુષ મળ્યાનો આનંદ. ૨૨૭,૨૨૮
૫. ભાદરોડમાં મહાદેવના મંદિરમાં દર્શને આવતા ભાવિક બ્રાહ્મણો અને ગામના માણસો ભગતજીની સ્થિતિ જોઈને ખેંચાવા લાગ્યા. ૨૭૩
૬. યજ્ઞપુરુષદાસજીની ભગતજી વિષેની વાતો સાંભળીને તલગાજરડા ગામના પટેલને આવેલો ગુણ. ૨૭૫
૭. વસોના નારણભાઈ ભાઈસાહેબના કારભારી ભગતજીનાં દર્શન માત્રથી દ્વારકાની યાત્રાનો સંકલ્પ પડતો મૂકી સાક્ષાત્ તીર્થ પ્રગટ સત્પુરુષ મનાઈ ગયું. ૩૦૬
૮. શાસ્ત્રી રંગાચાર્યે ભેખ (સાધુઓને) ને કહ્યું તમે શું સમજો ? આ તો પરમ એકાંતિક મહાત્મા છે. સામાન્ય ફકીર નથી. ૩૦૭
૯. વાંસદાના દીવાન ઝવેરભાઈનો કોઠારી ઉપર પત્ર : અમારે ભગતજીનો સમાગમ કરવાની ઈચ્છા છે તો મોકલશો. ૩૨૮
૧૦. વાંસદાના મહારાજા પ્રતાપસિંહજીએ સ્વામિનારાયણ માળા ફેરવવાનો ભગતજી થકી લીધેલો નિશ્ચય. ૩૫૫
૧૧. અમદાવાદમાં દર્શને આવેલા શ્રાવકને નાડી-પ્રાણ ખેંચીને દસ માળા ફેરવી બતાવી. ‘આ તો સાક્ષાત્ કેવળી છે. આવા તો હજુ સુધી કોઈ દીઠા નથી’ નો અનુભવ થયો. ૩૮૫
૧૨. ભગતજીની વાતો સાંભળવા બેસી ગયેલા વૈષ્ણવ ભક્તની તમામ વાતોનું નિરાકરણ થયું. નાડી-પ્રાણ ખેંચી તેના હાથમાં હાથ આપ્યો પણ તેને નાડી મળે જ નહિ ત્યારે તેને ગુણ આવ્યો. ૩૮૬
૧૩. ભગતજીનો ઉપદેશ સાંભળી બોલી ઉઠેલા રંગાચાર્ય ‘शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।’ ૩૯૫


**૩. ભગતજી માટે સમર્પિત સંતો**


૧. ભગતજીની આગાહી - આ વખતે તમને ખરેખરું દુ:ખ આવશે. નિર્માની થઈ, ધીરજ રાખી ખમી રહેજો. જેમ કહે તેમ કરજો. ૨૩૬
૨. ‘શ્યામ બીન કૈસી બીતી દિન રતિયા !’ વરતાલ સાધુઓની માફી માંગી. સંતો વળી પાછા નડિયાદ ભગતજીનો સમાગમ કરવા. ૨૩૯
૩. ભગતજીનો મહિમા વર્ણવતાં મોતીભાઈના કાગળોની અસર મહાપુરુષદાસ, વિજ્ઞાનદાસજી, કેશવપ્રસાદદાસજી, યજ્ઞપુરુષદાસજી, નારાયણચરણદાસજી, પુરુષોત્તમદાસજી એમ ૧૨ જણાને સત્સંગ બહાર કર્યા. ૨૪૧-૨૪૨
૪. ‘એ દરવાજો તો એકાંતિક સત્પુરુષ પણ ઈંટ-પાણાનો દરવાજો નહિ. ભગતજી એ જ મોક્ષનો દરવાજો છે.’ વિજ્ઞાનદાસજીનો અભિપ્રાય. ૨૪૨
૫. ભાદરણના પુરુષોત્તમભાઈ, નારના ઝવેરભાઈ વગેરે ભગતજીની આજ્ઞાથી આચાર્ય મહારાજને મળ્યા પણ પ્રયત્ન નિષ્ફળ ગયો. ૨૪૩
૬. આટલા દુ:ખો વચ્ચે સંતમંડળ મહુવામાં. ૨૪૪
૭. ભગતજીનો ઠપકો છતાં સૌ ભગતજીની પાછળ. ૨૪૫
૮. ગોપનાથના મંદિરમાં ઉતારો. વારાફરતી બે બે સાધુઓ સમાગમ માટે આવતા. ૨૪૫
૯. ફૂલચંદભાઈનો સંતોને પ્રશ્ન : તમે તેમના માટે આખો સત્સંગ મૂક્યો તો તે તમને કૂવામાં ન ઉતારે. એમ તેમનો વિશ્વાસ કર્યો છે માટે વચનામૃતની સાખે તમે એમના વિષે જે ઠરાવ કર્યા હોય તે સમજાવો. ૨૪૮
૧૦. યજ્ઞપુરુષદાસનો ઉત્તર : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે ગુણ ભગતજીમાં સાક્ષાત્ વર્તે છે. તેથી તેમનામાં શ્રીજીમહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા છે. (ગ. પ્ર. ૨૭) માટે અમે તેમની પાછળ પાછળ ફરીએ છીએ. ૨૪૯ થી૨૫૧
૧૧. આજે દોષ નડે છે પણ આ સંગમાં કંઈ રહેવાનું નથી. સાધુ પુરુષોત્તમદાસને ભગતજીનું આશ્વાસન. ૨૫૬
૧૨. વરતાલ સમૈયામાં સંતોને ધોળા પહેરાવી ભેગા કરવાનો ઠરાવ થયો. જેનો ભગતજીના પ્રતિષ્ઠિત હરિભક્તોએ કરેલો વિરોધ. ૨૫૭

૧૩. કોઈ રીતે બહાર રહીને પણ ભગતજીનો યોગ રહેતો હોય તો અંદર ભળવું નહિ. - સાધુ વિજ્ઞાનદાસનો ઠરાવ. ૨૫૮
૧૪. હરિભક્તો સાથે સંતમંડળ ફરીથી મહુવા. ૨૫૮
૧૫. યજ્ઞપુરુષદાસે બનાવેલું ભગતજીનું ગુણાનુષ્ટક - શ્રીમન્નિર્ગુણમૂર્તિયે.... ૨૬૦
૧૬. અમે બહાર નીકળ્યા તો અમને તમારો સંગ થયો ને મજા કરીએ છીએ. - યજ્ઞપુરુષદાસજી ૨૬૨
૧૭. જાનતા ક્યોં નહિ, વે હમારી પીર...... ૨૭૮
૧૮. 'અમે તો બહાર નીકળ્યા તો પણ અમારી ભેગા તમે રહેતા નથી, તો વરતાલ ગયા પછી તો ભેગા રહેવાની આશા જ શી ?' - યજ્ઞપુરુષદાસજી - ભગતજીને વરતાલ જવાની આજ્ઞા કરી ત્યારે. ૨૯૦
૧૯. ભગવાનના ભક્ત દેશકાળને પોતાની મરજી પ્રમાણે પ્રવર્તાવે છે. વિજ્ઞાનદાસજીને ધૂળિયા મોકલી દીધા. ત્યાંના હરિભક્તોમાં ભગતજી પ્રત્યે ભાવ થયો. ૩૧૩ થી ૩૧૫
૨૦. વિજ્ઞાનદાસની છપૈયા બદલી - ભગતજી સાથે એક માસ રહેવાની માગણી. ૩૧૫
૨૧. હું તો તમારે વિશ્વાસે અહીં બેસી રહ્યો છું અને મને વાંસદા આવવાની ના પાડી છે માટે આપ વડોદરા પધારો નહિ તો હું નડિયાદ આવીશ. - યજ્ઞપુરુષદાસ ૩૨૮
૨૨. વિજ્ઞાનદાસ સ્વામીને ધૂળિયામાં ભગતજીનો પત્ર મળતાં ત્રણ દુઃખ હતાં તે મટી ગયા. ૩૩૧
૨૩. શ્રીજીમહારાજ અને ભગતજી પધારે કે તરત જવું છે - વિજ્ઞાનદાસજી છપૈયામાં. ૪૦૩

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. સાધુનો કસબ**
૧. માળિયામાં આંબાને પાણી - અનુવૃત્તિ ૬૬
૨. સાધુનો કસબ શીખવાડવાની પ્રાગજી ભક્તની સ્વામી પાસે માંગણી. ૬૫-૬૬
૩. સ્વામીએ સાધુનો કસબ શીખવ્યો. ૬૬-૬૯
૪. શરણાગતના કામાદિક દોષ કાઢીને ભગવાનમાં જોડવા તે સાધુનો કસબ સિદ્ધ કર્યો કહેવાય. ૭૦-૭૧
૫. અખંડ ભજનનો વેગ. ૭૨-૭૩
૬. થોરે કેળાં પાક્યાં. ૭૪
૭. ફગવાની પ્રસાદીથી દોષોની નિવૃત્તિ ૭૬

**૨. બાળ પ્રાગજીની મુમુક્ષુતા**
૧. માલણ નદીએ સાગરિતોને **'હું તો બધું ભણેલો છું.'** - ભૂલા બાવાના સંગે હનુમાનજીનો મહિમા. ૫
૨. કોઈ સાધુના કહેવાથી રામનું ભજન, મહંત સૂર્યભારથીનો પ્રેમ-ભાવ રામકથાની શરૂઆત માટે બાળભક્ત પ્રાગજીની રાહ જોતા. ૬
૩. સાડા સાત શેરનું ચૂરમું જમી ગયા. **'ચૂરમાનો ખાનારો તો આ રહ્યો.'** ૬-૭
૪. મહુવા મંદિરમાં સ્વામીશ્રી યોગાનંદના યોગથી સંપ્રદાયમાં પ્રવેશ. ૭
૫. માતાના સાળુનો પાલવ ફાડી વેચી જે રકમ આવી તેમાંથી સંતોને રસોઈ આપી. યોગાનંદ સ્વામીની આગાહી - **'મહાન પુરુષ થઈ હજારોને ભગવાન ભજાવશે.'** ૮

**૩. ભાદરોડમાં એકાંતનું સુખ**
૧. અમે તો બધા ભગતજી આવશે તો જમીશું - વિજ્ઞાનદાસજી. ૨૬૯
૨. ભગતજીએ કરેલી વાતો - સાધુ તો તપ અને નિયમથી શોભે. ૨૭૦
૩. હવે બીજો અવતાર હોય ? તમો જેનું અન્ન ખાશો તેનું પણ કલ્યાણ થશે, એવો તમારો મોટો મહિમા છે - પરોક્ષ ભજનથી ઈન્દ્રિયો-અંતઃકરણનાં આવરણ ભેદાતાં નથી. ૨૭૧
૪. આજે તો સૌ છાણાં વીણવા જાઓ અને ચાર-પાંચ મણ ભાર ઊંચકી શકે એવા હોય તે જાઓ -
૭૦૧

યજ્ઞપુરુષદાસજી કહે : ''હું તો છાણાં વીણીને ભેગાં કરી આપું, પણ પાંચ મણ ભાર મારાથી ઊંચકાય નહિ.'' - મારે તો કોઈનેય મોકલવા નથી, પણ આ તો પરીક્ષા કરી જોઈ - આ દાળ રાંધજો. આપનારે તો પોતાના કલ્યાણ સારું આપી - કેવળ લક્ષ્ય રાખીને, બ્રહ્મસ્થિતિને માર્ગે લઈ, અખંડ મહારાજની મૂર્તિનું સુખ આપવાનું જ તાન તેમને હતું. ૨૭૨
૫. તમારે જ્યાં જશો ત્યાં એમનો જ આધાર છે - પ્રાગજીને ઓળખતા નહોતા ૨૭૩
૬. આ સર્વે બીજાને શાંતિ કરે એવા છે. ૨૭૩
૭. પોતાના ગુણની વાત ન કરવી, પણ મોટાનો ગુણ કહેવો. ૨૭૪
૮. અઢાર હજાર શ્લોકમાંથી મુદ્દાનો શ્લોક ૨૭૫
૯. કોઈ રીતે કસર રહેવા દઈશ નહીં. ૨૭૭
૧૦. જાનતા ક્યું નહિ વે હમારી પીર ૨૭૮
૧૧. રોટલા અને શાકોત્સવ ૨૮૦
૧૨. અલૌકિક સુખની લહાણ ૨૮૧
૧૩. પેટ ફાટી જાય એટલું ખવરાવ્યું છે અને કહ્યું છે કે 'તમારે વશ છું.' માટે આજે તો મળવું પડશે. ૨૮૧
૧૪. 'મધુકર વાત મોહનવર કેરી .....' - ભગવાન ને સંતની રીત એકસરખી જ હોય - સૌના અંગના વચનામૃત ... એમ પરમ રાજીપાથી નિર્દોષ થવાની વાત કરી. ૨૮૨-૨૮૩

**૪. જૂનાગઢના સન્માનમાં શાસ્ત્રીજી મહારાજની ભક્તિ (૪૫૮ થી ૪૬૨)**

૧. પૂર્વભૂમિકા : સં. ૧૯૨૧માં વિમુખ - આચાર્ય મહારાજની મહોર છાપવાળો પત્ર, જૂનાગઢ પધારવાનો. - ઐતિહાસિક પ્રસંગના પ્રેરણાદાતા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ -જૂનાગઢના કોઠારી દ્વારા અપૂર્વ સન્માનની તૈયારી. ઉતારાની વ્યવસ્થા - ગુરુ ભક્તિનું અજોડ દૃષ્ટાંત.

❑ ❑ ❑